શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ અંક : ૦૨
ફેબ્રુઆરી : ૨૦૨૩

શ્રી ઘનશ્યામ મહારાજ, ગુરુકુલ દ્રોણેશ્વર

નૂતન નિર્માણ પામેલ SGVP મહિલા સંસ્કાર કેન્દ્ર, ઈંટવાયા-દ્રોણેશ્વર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, સદ્‌ગુરુ સંતો તથા મુખ્ય યજમાન શ્રી કે. વરસાણી

SGVP ગુરુકુલ દ્વારા નૂતન નિર્માણ પામેલ હરિમંદિરમાં પ્રતિષ્ઠાની આરતી કરતા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, ઉપસ્થિત સંતો તથા યજમાનશ્રીઓ - વાવરડા

SGVP ગુરુકુલ દ્વારા નૂતન નિર્માણ પામેલ હરિમંદિરમાં પ્રતિષ્ઠાની આરતી કરતા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, તથા સભામાં ઉપસ્થિત મહારાજશ્રી, સંતો તથા ભક્તજનો - વાવડી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૫, ફેબ્રુઆરી : ૨૦૨૩, અંક : ૦૨

પ્રકાશક તથા માલિક : બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ	: રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ	: $ ૧૧૦/-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

સુખ સાગર હરિવર સંગે સુખ માણજો...

સુખ સાગર હરિવર સંગે સુખ માણજો,
અતિ ઘણી મહેર કરી છે શ્રી મહારાજ જો;
પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું,
આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો...સુખ સાગર

રવિમંડળમાં રાત તણું દુઃખ નવ નડે,
પારસ પામ્યે ધન દુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો...સુખ સાગર

તન અભિમાન તજે પૂરણ સુખ પામીએ,
શામળિયા સંગ વાધે સાચી પ્રીત જો;
મુક્તાનંદ કહે મર્મ ઘણો છે વાતમાં,
જાણી લેજો અતિ ઉત્તમ રસ રીત જો...સુખ સાગર

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર

તારીખ : ૧૪ થી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩

સૌરાષ્ટ્રના ગિરનારની છાયામાં આવેલો નાઘેર પ્રદેશ ખુબ જ રમણીય અને ફળદ્રુપ ગણાયો છે. સોમનાથ મહાદેવના ઈતિહાસ સાથે આ ભૂમિનો ઈતિહાસ પણ હજારો વર્ષોથી પ્રસિદ્ધ થયેલો છે. અહીં પરમાત્મા શ્રીકૃષ્ણનારાયણ, દેવાધિદેવ મહાદેવ, ભગવાન દત્તાત્રેય તેમજ ભગવાન શ્રીસ્વામિનારાયણના દિવ્ય ધામો, દિવ્ય લીલાઓ અને સંતોના વિચરણ સહિતની અનેક કથાઓ લોકમુખે ગવાતી રહી છે.

ગીર જંગલમાંથી પસાર થતી નદીઓ હિરણ, રાવલ અને ઋષિતોયા મચ્છુન્દ્રી વગેરે વનની વનરાજી સહિત લોકજીવનને અને તીર્થોને પોશી રહી છે, પાવન કરી રહી છે. અહીં તુલસીશ્યામ, બાણેજ, કનકાઈ, સતાધાર વગેરે જેવા તીર્થધામો લોકોની શ્રદ્ધાનાં કેન્દ્રો છે. તેની સાથે દ્રોણેશ્વર મહાદેવની ચમત્કારિક ભૂમિમાં સ્વામિનારાયણ ભગવાનના સંતોના વિચરણ સાથે સત્સંગના અને સંસ્કારના કેન્દ્ર સમા હરિમંદિરો સદાચારની આહલેક જગાવી રહ્યાં છે.

દેવાધિદેવ મહાદેવ દ્રોણેશ્વર મહાદેવના મસ્તિષ્ક પર અખંડ વહેતી મચ્છુન્દ્રી ગંગાની ધારા એક કુદરતી આશ્ચર્ય છે. આધુનિક સમયમાં પ્રાચીન તીર્થભૂમિ દ્રોણેશ્વર મહાદેવનો ઈતિહાસ વર્તમાન સમય સાથે કરવટ બદલે છે. નાનકડા દ્રોણ, ફાટસર અને ઈંટવાયા આ ત્રણે ગામના તરભેટે એક કુદરતી તીર્થધામ મછુન્દ્રી નદીના કિનારે દ્રોણેશ્વર મહાદેવ તરીકે હજારો વર્ષ પહેલા ગીર જંગલમાં પ્રગટ થયું હશે. ત્યારે કાળદેવતા સિવાય કોઈને ખબર નહીં હોય કે અહીં ભગવાન શ્રીસ્વામિનારાયણના સંતોનું વિચરણ, સત્સંગ અને ઉત્સવોની પરંપરા સાથે સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓ અને સદ્‌વિદ્યા પ્રવર્તનનાં બીજ રોપાશે.

જ્યાં સિંહની ડણકુ સંભળાતી હોય, જ્યાં વન્ય પ્રાણીઓ સદાય વિહાર કરતા હોય, જ્યાં વનરાજી હંમેશાં લહેરાતી હોય એવી ભૂમિમાં આજે વિદ્યા સાથે સદ્વિદ્યાના સંસ્કારોની સુગંધ પ્રસરી રહી છે. તેના પરિપાકરૂપે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે શ્રી કષ્ટભંજન દેવના સાંનિધ્યમાં ઋષિતોયા સરિતાના પવિત્ર કિનારે વડતાલ પીઠાધીશ્વર પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે ભગવાનના દિવ્ય સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

ભગવાન શ્રી સ્વામિનારાયણની વિશાળ અને ઉદાર ધર્મદ્રષ્ટિએ બધા જ દેવો અને અવતાર સ્વરૂપો પૂજનીય છે. તેથી આપણી પરંપરામાં ઈષ્ટદેવ સાથે હંમેશા શ્રીહનુમાનજી, શ્રીગણપતિજી, શ્રીમહાદેવજી તેમજ અન્ય અવતાર સ્વરૂપોની પ્રતિષ્ઠા થતી રહી છે. આ દિવ્ય પરંપરા વર્તમાન સમયે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે પુનઃ દર્શનીય બની રહી છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ નાઘેર પ્રદેશના આ ગામડાઓમાં ભગવાન શ્રીસ્વામિનારાયણની દ્રઢ નિષ્ઠાના, સત્સંગનાં બીજ રોપેલાં છે. પરમ પૂજ્ય પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીએ તેમજ અખંડ ભગવત પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીએ આ સત્સંગ બગીચામાં વારંવાર વિચરણ કરીને સત્સંગના પિયુષપાન કરાવ્યા છે. એટલે જ અહીંના સત્સંગીઓમાં, ભાવિકભક્તજનોમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ અને સંતો પ્રત્યે હંમેશાં દિવ્યભાવ-પૂજ્યભાવ તેમજ સમર્પણભાવ દેખાઈ રહ્યો છે.

છેલ્લા દસ વર્ષોમાં ઋષિતોયા મચ્છુન્દ્રી નદીના કિનારે સત્સંગ સાથે સદ્‌વિદ્યા પ્રવર્તન અને સર્વજીવ-હિતાવહ સેવા પ્રવૃત્તિઓના કેન્દ્ર સમા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્વારા એક નૂતન સંકુલ શાકારિત થયું છે. જેમાં ગૌશાળા, સંતનિવાસ, કુમાર છાત્રાલય, કન્યા વિદ્યાલય, કુમાર વિદ્યાલયના ભવ્ય મકાનો નિર્માણ પામ્યા છે.

આજથી છ વર્ષ પહેલા અહીં મચ્છન્દ્રી નદીના કિનારે શ્રીકષ્ટભંજન દેવનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. તે સાથે કન્યા

વિદ્યાલય અને કુમાર વિદ્યાલયનો પણ પ્રારંભ થયો. હવે ભવ્ય અને દિવ્ય પ્રાર્થનાભવન તૈયાર થયું છે. આ પ્રાર્થનાભવનમાં પૂજા, પ્રાર્થના, સત્સંગ, કથા-વાર્તા તેમજ અન્ય ઉત્સવો સહિત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ મળશે, ભગવાનનું સાંનિધ્ય પ્રાપ્ત થશે.

પૂજ્ય સ્વામીજીની આજ્ઞા અને પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન સાથે દ્રોણેશ્વર ગુરુકુલમાં સેવા કરી રહેલા પૂજ્ય ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીએ રાત્રિ-દિવસ સેવાયજ્ઞ આદરીને તેમજ દ્રઢ શ્રદ્ધા ભરી ભક્તિભાવના સાથે આ સંકુલને સાકારિત કરવા ખૂબ પરિશ્રમ કર્યો છે. ઉત્સાહી સંત પૂજ્ય શાસ્ત્રી શ્રી નરનારાયણદાસજી સ્વામી વ્યવસ્થાપનની મહત્ત્વની સેવાઓ કરી રહ્યા છે.

ઠાકોરજીની વિવિધ સેવાઓ સાથે અન્ય સેવાઓમાં પૂજ્ય શ્રી ધર્મપ્રસાદદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી હરિદર્શનદાસજી સ્વામી ખૂબ જ ભક્તિભાવ સાથે જોડાયા છે. પૂજ્ય હરિપ્રિયદાસજી સ્વામી કાર્યાલય, ઠાકોરજીની સેવા તેમજ કથાવાર્તા દ્વારા સત્સંગનું પોષણ કરી રહ્યા છે. સાથે સાથે પ.ભ. શ્રી પરષોત્તમભાઈ વાડદોરીયા આ સંસ્થામાં તન-મન-ધનથી સમર્પિત થઈને સંતો સાથે વિવિધ સેવાઓમાં પોતાનું જીવન ધન્ય બનાવી રહ્યા છે.

કુદરત સાથે કદમ મિલાવતા ગુરુકુલના પરિસરમાં આપણા સૌના ઉપાશ્ય શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીસીતારામજી, શ્રીગણપતિજી, શ્રીહનુમાનજીની પ્રાણપ્રતિષ્ઠાનો મહોત્સવ તારીખ ૧૪ થી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન ભવ્ય-દિવ્ય રીતે ઉજવાયો. પૂજ્ય સ્વામીજીના અધ્યક્ષ સ્થાને, પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં અનેકવિધ આયોજનો અને દેશ-વિદેશના ભક્તોની હાજરીમાં ઉજવાયેલા પ્રતિષ્ઠા મહોત્સવનો સંક્ષિપ્ત અહેવાલ આપણે ગુરુકુલ દર્શનના માધ્યમથી માણીએ.

અખંડ ધૂન

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ 'સ્વામિનારાયણ' મહામંત્ર ધૂનથી થયો. તારીખ ૧૩ જાન્યુઆરીના રોજ બાર કલાકની ધૂન કરવામાં આવી અને થયેલું ભજન ભગવાન શ્રીહરિને પ્રાર્થના સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું.

ગૌપૂજન

૧૪ જાન્યુઆરી, મકરસંક્રાંતિના પરમ પવિત્ર દિવસે ગૌદાન અને ગૌપૂજનનું અનેરું મહત્વ છે. મહોત્સવના પ્રારંભે સદ્‌ગુરુ સંતો તથા યજમાનશ્રીઓના હસ્તે ગૌપૂજન થયું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ ગૌપાલન, સજીવખેતીનું મહત્વ સમજાવ્યું તથા પિતામહ ભીષ્મની કથા દ્વારા ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા વર્ણવી હતી.

મહોત્સવ ઉદ્‌ઘાટન

તારીખ ૧૪ જાન્યુઆરીના રોજ સવારે ૧૦ કલાકે સંતનિવાસથી પોથીયાત્રાનો પ્રારંભ થયો. સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો ઉમંગ અને થનગનાટ સાથે પોથીયાત્રામાં જોડાયા અને પોથીયાત્રા સભામંડપ પહોંચતા દ્વાર ઉદ્‌ઘાટન થયું. વિદ્યાર્થીઓએ સંતો-મહાનુભાવોનું નૃત્ય દ્વારા સ્વાગત કર્યું અને ગીત-સંગીત અને વેદમંત્રોના નાદ સાથે મહોત્સવનો પ્રારંભ થયો. સંતો તથા મહાનુભાવોના હસ્તે દિપ-પ્રાગટ્ય કરવામાં આવ્યું.

મહોત્સવ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય સ્વામીજીના વ્યાસાસને શ્રીમદ્‌ સત્સંગિજીવન ગ્રંથની કથાનું આયોજન કરાયું હતું. પૂજ્ય સ્વામીજીએ પોતાની મધૂર વાણી દ્વારા પાંચ દિવસ સુધી ભક્તોને કથાનું રસપાન કરાવ્યું હતું.

પંચરાત્ર આગમના જાણકાર દક્ષિણના વિદ્વાન પંડિતો દ્વારા શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીસીતારામજી, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીગણપતિજી તથા શ્રીહનુમાનજીની પાંચ દિવસની દિવ્ય પ્રતિષ્ઠાવિધિ થઈ. જેમાં કળશ સ્થાપન, મંડળ સ્થાપન, ચતુર્વ્યુહ સ્થાપન-હોમ જેવી વિધિઓ સાથે ભગવાનનું મૂર્તિમાં આહ્વાન થયું. ત્યારબાદ ધાન્યાધિવાસ, જલાધિવાસ, ફલાધિવાસ, રત્નાધિવાસ, ક્ષીરાધિવાસ, સ્વર્ણાધિવાસ, પુષ્પાધિવાસ, શય્યાધિવાસ જેવી વિધિઓથી મહારાજની સેવા થઈ.

૨૫ કુંડી મહાવિષ્ણુયાગ

સાથે સાથે પંચીસ કુંડી મહાવિષ્ણુયાગનું આયોજન થયું, જેમાં ત્રણ દિવસ સુધી યજમાનોએ ભગવાનને આહુતિઓ અર્પણ કરી હતી. યજ્ઞ દરમિયાન ઈંટવાયા (મહિલા કેન્દ્ર), ભાચા, પડા, વાવરડા, વાજડી વગેરે મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનું વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. અરણીમંથન દ્વારા અગ્નિદેવને પ્રગટ કરવામાં આવ્યા હતા, જે અગ્નિ દ્વારા વિષ્ણુયાગમાં આહુતિઓ આપવામાં આવી હતી.

ચતુર્વેદ પારાયણ

સનાતન પરંપરાના મૂળ જ્યાં જોડાયેલા છે એ વેદ સંસ્કૃતિના આધાર છે. વેદનું ગાન અને શ્રવણ ખૂબ કલ્યાણકારી છે. વેદરક્ષણ સંસ્કૃતિની શ્રેષ્ઠ સેવા છે. એ સેવા આજે SGVP દ્વારા થઈ રહી છે. દર્શનમ્ સંસ્કૃત સંસ્થાનમાં ઋષિકુમારો ચારેય વેદનો અભ્યાસ કરી રહ્યા છે. એ ઋષિકુમારોએ ઉત્સવ દરમિયાન વેદગાન દ્વારા ભગવાનની સ્તુતી કરી હતી.

પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન

સ્વામીના સંકલ્પ પ્રમાણે ગામડે ગામડે પ્રાકૃતિક (ઓર્ગેનિક) ખેતીનો પ્રસાર-પ્રચાર થાય તેવા હેતુથી મહોત્સવ દરમિયાન ભવ્ય કૃષિ પ્રદર્શન યોજાયું હતું. જેમાં ગામડાઓમાં ઓર્ગેનિક ખેતી કરનારા ખેડુતોએ પોતાનું ઉત્પાદન તથા ઉત્પાદનની પદ્ધતિઓ-સંશોધનોને રજુ કર્યા હતા. આ પ્રદર્શનમાં ખેડુતોએ જ પ્રદર્શન નિહાળવા આવતા ખેડુતોને ઓર્ગેનિક ખેતીથી થતા ફાયદા, રાસાયણિક ખાતરથી થતા નૂકશાન, ઓર્ગેનિક ખેતીની પદ્ધતિ - વાવણીથી માંડી ઉપજ સુધી રાખવામાં આવતી માવજતની પદ્ધતિની સમજ પૂરી પાડી હતી. ખૂબ મોટી સંખ્યામાં ખેડૂતોએ આ પ્રાકૃતિક ખેતીના પ્રદર્શનને નિહાળી પ્રેરણા મેળવી હતી.

નગરયાત્રા-સ્વાગત

પ્રતિષ્ઠાની પૂર્વ સંધ્યાયે ભગવાન શ્રીસીતારામ, શ્રીરાધાકૃષ્ણ, શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીહનુમાનજી, શ્રીઘનશ્યામ મહારાજની ભવ્ય નગરયાત્રા યોજાઈ. નગરયાત્રા પૂર્ણ થતા પ્રાર્થના મંદિરના પ્રાંગણમાં વિવિધ સ્વરૂપોનું ભવ્ય સ્વાગત થયું. વિદ્યાર્થીઓએ નૃત્ય કર્યું, સંતો-યજમાનશ્રીઓએ પુષ્પવૃષ્ટિ દ્વારા ભગવાનને મંદિરમાં પધરાવ્યા.

મૂર્તિ પ્રતિષ્ઠા

તારીખ ૧૮ જાન્યુઆરી, પોષ વદ એકાદશીના રોજ સદ્‌ગુરુ સંતોના હસ્તે શોડશોપચાર વિધિથી શ્રી ઘમશ્યામ મહારાજ તથા ભગવાનના વિવિધ સ્વરૂપોનો અભિશેક થયો. આચાર્ય મહારાજના હસ્તે પ્રતિષ્ઠાની આરતી થતાં ભગવાન સદાયને માટે પ્રાર્થનાભવનમાં ભક્તોને સુખ આપવા બિરાજમાન થયા. દક્ષીણના આચાર્યો દ્વારા સંપૂર્ણ વૈદિક વિધિ સાથે થતી મૂર્તિસ્થાપના અને યજ્ઞની વિધિ-વિધાનનાં અલૌકિક દર્શન ક્યારેય ન ભૂલાય એવા હોય છે.

મહોત્સવ દરમિયાન પૂજ્ય સ્વામીજીએ ગ્રંથરાજ સત્સંગિજીવનની કથાનું શ્રવણ કરાવ્યું હતું. મૂર્તિ પ્રતિષ્ઠા બાદ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સભામાં પધારતા સંતો-ભક્તોએ સ્વાગત-પૂજન કર્યું હતું. આ પ્રસંગે પૂજ્ય મહારાજશ્રીએ પોતાના હૃદયના ભાવોને વ્યક્ત કરી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ધામધામથી ઉપસ્થિત સંતોએ પણ ઉપસ્થિત ભક્તોને શુભાશિર્વાદ પાઠવતા કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ :

આજે અહીં ઉપસ્થિત ગુરુકુલ પરિવારના સંતો અને દેશ-વિદેશથી આવેલા ભક્તોને અમે હૃદયથી બીરદાવીએ છીએ. દ્રોણેશ્વરમાં ગ્રામ્ય વિસ્તારની દિકરીઓ માટે જે કાર્ય થઈ રહ્યું છે એથી અમે ખૂબ પ્રસન્ન છીએ. એ કાર્યમાં આજે મહિલા સંસ્કાર કેન્દ્રનો ઉમેરો થઈ રહ્યો છે ત્યારે નાઘેર વિસ્તાર ખરેખર ધન્ય થયો છે.

આ કાર્યનો પાયો શાસ્ત્રીજી મહારાજે નાંખ્યો છે. તેઓએ આ વિસ્તારને ખૂબ પોષ્યો છે. તેઓના કાર્યમાં ભગવાન ભળ્યા તો આજે આખાએ ભારતમાં ગુરુકુલનો વિસ્તાર થયો છે. આજે આ ગુરુકુલ દ્વારા-સંતો દ્વારા સંપ્રદાયની પાયાની સેવા થઈ રહી છે. ગુરુકુલ ધન દ્વારા દેવની સેવામાં જોડાય છે, સાથે સાથે શ્રીહરિના સિદ્ધાંતોનો પણ પ્રચાર-પ્રસાર થાય છે. આ સેવાથી અમને ખૂબ આનંદ છે. શાસ્ત્રી માધવપ્રિયદાસજી સંપ્રદાયનું અનમોલ ઘરેણું છે. એમના દ્વારા આંતરરાષ્ટ્રિય ફલક ઉપર સંપ્રદાયની પાયાની વાતો પ્રસ્તુત થાય છે. એમનું વિનમ્રપણું, નિર્માનીપણું અમને સ્પર્શે છે. આ સંતોને ખૂબ ખૂબ અભિનંદન. આ મહોત્સવમાં સેવા કરનારા તમામ ભક્તો ઉપર ભગવાન શ્રીહરિની પ્રસન્નતા ઉતરે એવી પ્રાર્થના.

સાંસ્કૃતિક કાર્યક્રમ

મહોત્સવ દરમિયાન રાત્રિ કાર્યક્રમમાં દ્રોણેશ્વર ગુરુકુલના વિદ્યાર્થીઓએ અદ્‌ભૂત સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિત સંતો-ભક્તોને આનંદિત કર્યા હતા. એ જ રીતે દીકરીઓએ પણ વિવિધ નૃત્યો, નાટકો, રુપકો પ્રસ્તુત કરી સૌની પ્રસન્નતા મેળવી હતી.

યજમાનશ્રીઓને આશીર્વાદ

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ જેમની તન-મન અને ધનની સેવાથી સાકારિત થયો એવા મુખ્ય યજમાનશ્રીઓને આશિર્વાદ પાઠવતા પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી.

શ્રી નીલકંઠ જળભંડારનું ઉદ્‌ઘાટન કરતા પૂજ્ય મહારાજશ્રી સંતો તથા યજમાન શ્રી કે. વરસાણી, દ્રોણેશ્વર ગુરુકુલ

દ્રોણેશ્વર ગુરુકુલમાં અભ્યાસ કરી કારકિર્દીમાં સફળ થનારા વિદ્યાર્થીઓનું સદ્‌ગુરુ સંતોના હસ્તે સન્માન

સર્વરોગ નિદાન કેમ્પ

મહોત્સવ દરમિયાન સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન થયું, જેમાં એલોપથી અને આયુર્વેદ વિભાગના ડૉક્ટર તથા વૈદ્યોએ ખૂબ મોટી સંખ્યામાં દર્દીઓને તપાસી યોગ્ય સારવાર આપી હતી. ઉપરાંત રક્તદાન કેમ્પમાં ભક્તોએ મોટા પ્રમાણમાં રક્તદાન કર્યું હતું.

નૂતન હરિમંદિરમાં પ્રતિષ્ઠાની આરતી કરતા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા ઉપસ્થિત સંતો-ભક્તો, ભાચા

નૂતન હરિમંદિરમાં પ્રતિષ્ઠાની આરતી કરતા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા ઉપસ્થિત સંતો-ભક્તો, પડા

SGVP હોલિસ્ટિક હોસ્પિટલની મુલાકાતે પધારેલા કેન્દ્રિય આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવિયા, પૂજ્ય સ્વામીજી તથા સંતો

પૂજ્ય સ્વામીજી દ્વારા લખાયેલ 'ઇજરાયેલની ધર્મયાત્રા' ગ્રંથની ગુજરાતી-અંગેજી આવૃત્તિના વિમોચન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય ભાણદેવજી તથા મહાનુભાવો. સંતો-ઋષિકુમારો સાથે અધ્યાત્મગોષ્ઠિ કરતા ભાણદેવજી - SGVP

શિક્ષાપત્રી જયંતીના દિવસે ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક દર્શન. શિક્ષાપત્રી પૂજન કરતા પૂજ્ય સદ્‌ગુરુ સંતો તથા અન્નકૂટ દર્શન, SGVP

૨૬ જાન્યુઆરીના રોજ શહીદ પરિવારના દીકરા-દીકરીઓને વિદ્યાસહાય અર્પણ કરતા પૂજ્ય સંતો-મહાનુભાવો, SGVP

દક્ષીણ ભારતની યાત્રા દરમિયાન વિવિધ તીર્થધામોનાં દર્શન કરતા પૂજ્ય સંતો

શિયાળાની ઠંડીમાં જરૂરિયાતમંદોને બ્લેન્કેટ વિતરણ કરતા પૂજ્ય સ્વામીજી, સંતો તથા વિદ્યાર્થીઓ - SGVP

SGVP ઇન્ટરનેશનલ સ્કુલ દ્વારા આયોજિત કેરિયર ફેસ્ટનું ઉદ્ઘાટન કરતા પૂજ્ય સ્વામીજી તથા રવિભાઈ ત્રિવેદી.
જેમાં ગ્રીસ જેટલી યુનિવર્સિટી તથા શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લઈ કારકીર્દી વિશે માર્ગદર્શન મેળવ્યું હતું.

ઈડર પાસેના બોલુન્દ્રા ગામે નિલકંઠ મહાદેવની પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, જયદેવભાઈ સોનગરા તથા મહાનુભાવો

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના વાર્ષિક મહોત્સવ પ્રસંગે એવોર્ડ એનાયત થયા. જેમાં બેસ્ટ સમર્પિત સેવક - ગોવિંદ બાંટવા,
બેસ્ટ સ્પિરિચ્યુઅલ સ્ટુડન્ટ - પંડ્યા કેયુર અને બેસ્ટ સ્ટુડન્ટ - જોષી ધ્રુપલને એવોર્ડ પ્રાપ્ત થયા હતા.

મકરસંકાંતિના દિવસે ગૌપૂજન કરતા સંતો-ભક્તો તથા પતંગ ચગાવતા યુવાનો, સવાનાહ - અમેરિકા ગુરુકુલ

શિવરાત્રી મહોત્સવ પ્રસંગે શિવજીના અભિષેકનાં દર્શન તથા ઉપસ્થિત ભક્તજનો, સવાનાહ - અમેરિકા ગુરુકુલ

બનારસ હિન્દુ યુનિ. ખાતે આયોજિત સેમિનારમાં ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા સુપ્રિમકોર્ટ તથા વિવિધ રાજ્યોની હાઇકોર્ટના જસ્ટીસ, વિવિધ યુનિવર્સિટીના ચાન્સેલર્સ. તેમજ સ્વામીજી સાથે BHUના કુલપતિ સુધીર જૈન તથા વિદ્વાનો

જન્મભૂમિ ગ્રુપના ચેરમેન અને સુપ્રસિદ્ધ પત્રકાર કુંદનભાઈ વ્યાસના પુસ્તકોના વિમોચન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સદ્‌ગુરુ સંતો, શ્રી ભાગ્યેશ ઝા, કુમારપાળ દેશાઈ, રતિલાલ બોરીસાગર, નરેશ વૈદ્ય તથા નિસર્ગ આહીર, SGVP

શ્રદ્ધા સુમન

અ.નિ. શ્રી માવજીભાઈ ખેતાભાઈ સાંખલા : ગામ નેત્રા, હાલ અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી માવજીભાઈ સાંખલા ૨૪ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. માવજીબાપાનું જીવન ભગવત પરાયણ હતું. ગૃહસ્થ હોવા છતાં સાધુ જેવું જીવન જીવ્યા. દર્શન કરવા જેવા એકાંતિક ભક્તોમાંના એક માવજીબાપા હતા. પોતે ખૂબ ભજન કર્યું અને પરિવારને કરાવ્યું. એમણે આખા પરિવારને સંસ્કારી અને સુહૃદભાવથી જોડી રાખ્યો. માવજીબાપાનો સમસ્ત પરિવાર આજે સત્સંગમાં ખૂબ સેવાઓ કરે છે. કળિયુગમાં આવા પરિવારના દર્શન ખૂબ ઓછા થાય છે. આવા પવિત્ર ભક્ત માવજીબાપાના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા કરશનભાઈ, ગોપાલભાઈ, રાજુભાઈ, મોહનભાઈ, હસમુખભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધીરુભાઈ પરષોત્તમભાઈ સોહાગીયા : ગામ પીઠવડી, હાલ અમદાવાદ નિવાસી અને ગુરુકુલના સન્નિષ્ઠ સેવક ધીરુભાઈ સોહાગીયા ૮૨ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે ખૂબ જોડાયેલો છે. સંતો અને સત્સંગ પ્રત્યે હેત ધરાવનારા ધીરુભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા જીતેન્દ્રભાઈ, ગૌતમભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પરશોત્તમભાઈ નાનજીભાઈ પડશાળા : અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી પરશોત્તમભાઈ પડશાળા તા. ૨૯ જાન્યુઆરીના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુકુલના સન્નિષ્ઠ સેવક, સંતો અને સંસ્થાને સમર્પિત ભક્ત, ભગવાન પ્રત્યે અપાર પ્રેમ એવા પરશોત્તમભાઈના અક્ષરવાસથી પરિવાર અને સંસ્થાને ખૂબ મોટી ખોટ પડી છે. સેવા અને ભજનના જીવ પરશોત્તમભાઈએ ખૂબ જ પ્રેમ મેળવ્યો હતો. એમણે પોતાનું જીવન સત્સંગને અર્થે સમર્પિત કરી દીધું હતું. આવા મહાન સેવક પરશોત્તમભાઈના આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ભીખાભાઈ કલ્યાણભાઈ વેકરિયા : સુરત નિવાસી શ્રી ભીખાભાઈ વેકરિયા ૧ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. ભીખાભાઈ ખૂબ સારા ભક્ત હતા. એમનો પરિવાર પણ ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ ભીખાભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા જયસુખભાઈ, ભાવેશભાઈ, અશોકભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રાણાભાઈ જગાભાઈ ખોખર : ગામ લુંધીયાનિવાસી રાણાભાઈ ખોખર ૫ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે. રાણાભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા રવજીભાઈ, વ્રજલાલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શાંતિલાલ કલ્યાણભાઈ સાવલિયા : ગામ પીઠવડી, હાલ અમદાવાદ નિવાસી શ્રી શાંતિલાલ સાવલિયા ૧૧ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે ખૂબ જ નિષ્ઠાથી જોડાયેલો છે અને સત્સંગ પણ દૃઢતાથી કરે છે. ભગવાન શ્રીહરિ શાંતિલાલના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા શૈલેષભાઈ, કમલેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી અંબાબેન ગોવિંદભાઈ વાડદોરિયા : રાવણી મુંડિયા નિવાસી શ્રી અંબાબેન ૩ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારે શ્રીહરિ અને સદ્‌ગુરુઓનો ખૂબ રાજીપો મેળવ્યો છે. ભગવાન શ્રીહરિ અંબાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પ્રવિણભાઈ, ગીરધરભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જીજીબેન કેશવભાઈ શેલડિયા : સુરત નિવાસી તથા ગુરુકુલના સમર્પિત સેવક કનુભાઈ શેલડિયાના માતુશ્રી જીજીબેન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારે શ્રીહરિ અને સદ્‌ગુરુઓનો ખૂબ રાજીપો મેળવ્યો છે અને સમર્પિતભાવે ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ જીજીબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા કનુભાઈ, ગુલાબભાઈ, હિંમતભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધનુબેન નરસિંહભાઈ પટેલ : ગામ દયાપર, હાલ વલસાડ નિવાસી શ્રી ધનુબેન પટેલ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારનો ગુરુકુલ પ્રત્યેનો લગાવ અનોખો છે. ભગવાન શ્રીહરિ ધનુબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા રાજેન્દ્રભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૨/૦૩/૨૩, શુક્રવાર : **આમલકી એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૦૮/૦૩/૨૩, બુધવાર : **પુષ્પદોલોત્સવ :** સાંજે ૪:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૧૮/૦૩/૨૩, શનિવાર : **પાપમોચની એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૩૦/૦૩/૨૩, ગુરુવાર : **રામનવમી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૭ કલાકે
ભગવાન શ્રીરામ પ્રાગટ્યોત્સવ બપોરે ૧૨:૦૦ કલાકે
ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યોત્સવ, રાત્રે ૮:૩૦ કલાકે મેમનગર ગુરુકુલ

NABH ACCREDITED
PATIENT SAFETY & QUALITY OF CARE

SGVP HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

ઘૂંટણમાં દુઃખાવો છે?
તો સંપૂર્ણ ઘૂંટણનું ઓપરેશન કેમ?

માઈક્રોપ્લાસ્ટી સર્જરી કરાવો

સંધિવાને કારણે ઘૂંટણમાં થતાં દુખાવાને દૂર કરવા માટે માઈક્રોપ્લાસ્ટી સર્જરી કરવામાં આવે છે. જેમાં ક્ષતિગ્રસ્ત ભાગને જ દૂર કરી, કુદરતી સાંધાને બચાવવામાં આવે છે.

લાભ:

- ઝડપી સાજા થવાય છે
- ઓછી પેશીઓ દૂર કરે છે
- ક્ષતિગ્રસ્ત ભાગમાં જ નાનો ચીરો
- કુદરતી હાડકાંને સાચવે છે

ડો. કાર્તિક શુક્લ

MS- (ઓર્થો), ગોલ્ડ મેડાલિસ્ટ, નિષ્ણાંત માઈક્રોપ્લાસ્ટી સર્જન
સૌથી વધુ માઈક્રોપ્લાસ્ટી સર્જરી કરતી
અમદાવાદની શ્રેષ્ઠ હોસ્પિટલ.

રોબોટિક માઈક્રોપ્લાસ્ટી

ઈન્ફેક્શનના કોઈ પણ પ્રકારના ખતરા વગર, ઘૂંટણની તકલીફ માંથી કાયમી મુક્તિ આપવા માટેની અદ્યતન ટેકનોલોજી છે.

વધુ માહિતી માટે કોલ કરો: 95122 00122
SGVP હોલિસ્ટિક હોસ્પિટલ, SGVP કેમ્પસ, નિરમા યુનિ. ની સામે,
S.G હાઈવે, અમદાવાદ-382481

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ૨૫માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે આયોજિત વાર્ષિકોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પ્રો. રામનાથ ઝા (JNU યુનિ. દિલ્હી), પ્રો. કમલેશ ચોકસી, આર.ડી. વરસાણી, રવિભાઈ ત્રિવેદી વગેરે. આ પ્રસંગે ઋષિકુમારો દ્વારા 'ચલો અયોધ્યા ચલે' થીમ પર આધારિત નૃત્યનાટીકાની પ્રસ્તુતી તથા આચાર્ય તેમજ વેદાભ્યાસ પૂર્ણ કરનારા સંતો-ઋષિકુમોરનું સન્માન

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–